# જગતના નાથના ભાવિકોએ હેતે ઓવારણા લીધા

**રથયાત્રા દરમિયાન મેઘરાજાએ પણ અમી છાંટણા કરી ભગવાન પર હેત વરસાવ્યુ : હાથી, ઘોડા પાલકી સાથે જય રણછોડ-માખણચોરના જયઘોષ સાથે નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જોવા મળી : સેકટરોમાં ભગવાનના દર્શન માટે ભાવિકોની ભીડ ઉમટી : ઘોડે સવાર યુવાનો, કાર્ટુન પાત્રો તેમજ વિવિધ વેશભુષામાં સજ્જ બાળકો પણ આકર્ષણનુ કેન્દ્ર બન્યા**



ગાંધીનગર તા ૧૪ જય રણછોડ માખણચોરના જયઘોષ સાથે આજે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાએ નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત કરી હતી. સવારે ૭ કલાકે ભગવાનની પુજાવિધિ અને આરતી બાદ રથયાત્રાનુ દિવ્ય પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. રથયાત્રામાં ગજરાજ,ઘોડેસવાર યુવાનો, કલાત્મક બગી તેમજ અનેક પ્રકારની વેશભુષામાં સજ્જ બાળકોએ આકર્ષણ જમાવ્યુ હતુ. ભજન મંડળી સાથે ડી જેના સુરમાં ઢોલ નગારા સાથે નિકળેલી ભવ્ય રથયાત્રાનુ સેકટરવાસીઓએ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. સે-૧૨ અને સે-૧૩ સહીત સે-૬ , સે-૩ સે-૭ માં ભગવાનના દર્શન માટે ભાવિકોની ભીડ ઉમટી હતી. ભગવાનનો રથ સે-૬ માં પહોંચતા મેઘરાજાએ અમી છાંટણા વરસાવી રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ.

રથયાત્રા દરમિયાન સેકટરોમાં ભાવિકોને છાશ , શરબત ,નાસ્તો અને ઠંડા પાણીની સેવા પણ પુરી પાડવામાં આવી હતી. જો કે રથયાત્રાના રૂટમાં રથના પૈડાનો બોલ્ટ ત્રણ થી ચાર વાર રીપેર કરવાની ફરજ પડતા રથયાત્રાએ ત્રણ વાર વિરામ પણ લીધો હતો. ભગવાનના મોસાળમાં ૭ હજાર જેટલા ભાવિકોએ મોહનથાળ તેમજ ખીચડીના પ્રસાદનો લાભ લીધો હતો. સેકટરોના માર્ગો જય રણછોડ માખણચોરના જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા. રથયાત્રામાં કરતબ ટેકવેન ડો ના પ્રયોગ નિદર્શન તેમજ ઘોડે સવાર યુવાનોના કરતબોએ ભાવિકોને દંગ કરી દીધા હતા. રજા હોવાના લીધે ભાવિકોએ મોટી સંખ્યામાં જગન્નાથજીના દર્શન કર્યા હતા.

ગાંધીનગરમાં ૧૯૮૫ ના વર્ષથી ભગવાન જગન્નાથીજીની

● અનુસંધાન પાન-૭ પર

## મેયર અને કોર્પોરેટરો પણ સમયાંતરે નગરચર્યા કરે તો...

ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નિકળતા ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. જય રણછોડ માખણચોરના નાદ સાથે નગરના સેકટરોમાં આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળી હતી. રથયાત્રા દરમિયાન સેકટરોમાં અનેકવિધ નાની મોટી સમસ્યાઓ પણ ધ્યાને આવી હતી. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ આમ નાગરિકો ઘર આંગણે મંડરાતી સમસ્યાઓનો હલ સરળતાથી આવે તેવી આશ સેવી રહયા છે. ત્યારે ચુંટણી ટાંણે ડોકીયુ કરતા સ્થાનિક નેતાઓએ પણ આમ નાગરિકોની મુંઝવણને જાણવા અને દુર કરવા માટે સમયાંતરે સેકટરો ખુંદવા જોઈએ તેવો મત પણ ઉઠવા પામ્યો હતો.મેયર અને ચુંટાયેલા નગરસેવકોએ પણ નગરચર્યા કરીને પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયાસ કરવો જોઈએ તેવો સુર પણ સંભળાયો હતો.

## રથના પૈડાનો બોલ્ટ રૂટમાં ત્રણ વાર સરખો કરવો પડયો

ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન આજે ભાવિકો માટી સંખ્યામાં દર્શન માટે ઉમટી પડયા હતા. રજાનો દિવસ હોવાથી નગરજનોનો ઉત્સાહ બેવડાયો હતો. રથયાત્રા દરમિયાન આજે રૂટમાં ત્રણ વાર રથના પૈડાનો બોલ્ટ નિકળી જતા રથને વિરામ આપવાની ફરજ પણ પડી હતી. જો કે ત્વરિત બોલ્ટ રીપેર કરવા માટે સ્વંયસેવકોની મદદથી કામગીરી હાથ ધરવામાં આવી હતી. સે- ૧૩ , ઘ-૨ અને સે-૮ માં રથના બોલ્ટને યોગ્ય કરવા માટે તજવીજ હાથ ધરવામાં આવી હતી. જો કે થોડીવારમાં જ કામ પુર્ણ થતા રથયાત્રા નિયત રૂટમાં આગળ વધી હતી.




**( બેસણું )**

અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
વસુબા પૃથ્વીસિંહ વાઘેલા
તા.૧૨-૭-૨૦૧૮ ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્દગતનું બેસણું તા.૧૬-૭-૨૦૧૮ ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

નોંધ : કાણ-મોકાણ બંધ છે.

સ્થળ : શ્રી રાજપૂત સમાજ ભવન, સિવિલ હોસ્પિટલની પાછળ, સેકટર-૧૨, ગાંધીનગર.

લિ.
રાઓલ મધુબા ગુમાનસિંહ (દિકરીબા) — રાઓલ ગુમાનસિંહ ભૂપતસિંહ (જમાઈશા)
વાઘેલા રાજેન્દ્રસિંહ પૃથ્વીસિંહ (પુત્ર) — વાઘેલા નીરૂબા રાજેન્દ્રસિંહ (પુત્રવધુ)
વાઘેલા પ્રદિપસિંહ પૃથ્વીસિંહ (પુત્ર) (મહામંત્રી, જીલ્લા રાજપૂત સમાજ, ગાંધીનગર) — વાઘેલા રમીલાબા પ્રદિપસિંહ (પુત્રવધુ) (કોર્પોરેટરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગર)
વાઘેલા ગિરીશસિંહ પૃથ્વીસિંહ (પુત્ર) — વાઘેલા હિનાબા ગિરીશસિંહ (પુત્રવધુ)
અજયસિંહ, કુલદિપસિંહ, જયરાજસિંહ, યુવરાજસિંહ (પૌત્રો) પ્રિયાબા, સેજલબા (પૌત્રી)
M.98250 18575

ફર્મ : વિદ્યા ગ્રૂપ, ગાંધીનગર.

| ભાડે આપવાના છે. | ભાડે જોઈએ છે. |
|---|---|
| ટેનામેન્ટ — પહેલો માળ, ફેમિલી માટે, સે.૪. | બેચલર્સ/ફેમિલી (TCS/Bank)માટે ફ્લેટ/ટેનામેન્ટ (ગ્રા.ફ્લોર/ફર્સ્ટ ફ્લોર) ૯૦મી - ૩૩૦મી માં સે.૧ થીટ ગાંધીનગર તથા ન્યુ ગાંધીનગર |
| ફ્લેટ — 2/3BHK શ્યામ શુકન, PDPU રોડ, ફેમિલી માટે | |

THE SPACE ✆93288 01440, 93287 01440

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED
**કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ**
રજી. ઓફીસ : પ્લોટ નં. ૧૦૧, વિભાગ-૩, જીઆઈડીસી એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર-૩૮૨ ૦૨૮. CIN : L40100GJ1981PLC004281
ફોન : +૯૧ ૭૯ ૨૩૨૧૪૦૦૦ ફેક્સ : +૯૧ ૭૯ ૨૩૨૧૧૯૬૬
ઈ-મેલ : mktg@kalpatarupower.com વેબસાઈટ : www.kalpatarupower.com

**૩૭મી વાર્ષિક સાધારણ સભા, ઈ-વોટીંગની માહિતી અને બુક બંધ અંગેની નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપની ના સભાસદોની ૩૭મી વાર્ષિક સાધારણ સભા (''એજીએમ'') મંગળવાર, તા. ૭ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ સાંજના ૪:૦૦ કલાકે, કલ્પ-વૃક્ષ લર્નીંગ સેન્ટર, એ-૧ અને એ-૨, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેકટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ પર એજીએમ ની નોટીસમાં નિયત થયા મુજબના બિઝનેસ કરવા માટે યોજાશે. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, એજીએમ નોટીસની સાથે જે સભાસદોના ઈ-મેઈલ એડ્રેસ ડીપોઝીટરી પાસેથી ઉપલબ્ધ થયા છે અથવા કંપની પાસે નોંધાયેલ છે તેમને ઈલેક્ટ્રોનીક પ્રકારે (ઈ-મેઈલ) તથા અન્ય તમામ સભ્યોને માન્ય પદ્ધતિથી તેમના નોંધાયેલ સરનામે રવાના કરેલ છે. વાર્ષિક અહેવાલ એજીએમ નોટીસની સાથે કંપનીની વેબસાઈટ www.kalpatarupower.com ઉપર અને કંપનીની રજીસ્ટર્ડ ઓફીસે એજીએમની તારીખ સુધી કામકાજના સમય દરમ્યાન બધા દિવસો (શનિવાર, રવિવાર અને જાહેર રજા સિવાય) તપાસવા માટે ઉપલબ્ધ છે.

કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને તે હેઠળ બનેલા નિયમો (''એક્ટ'') અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવારમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (''લિસ્ટીંગ રેગ્યુલેશન્સ'') ના રેગ્યુલેશન ૪૪ ની જોગવાઈઓને આધિન રહી સભ્યોને ''રીમોટ ઈ-વોટીંગ'' (એજીએમના સ્થળ સિવાયના અન્ય સ્થળે થી ઈલેક્ટ્રોનીક વોટીંગ) દ્વારા પોતાનું મતદાન કરવાની સુવિધા, સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિ. (''સીડીએસએલ'') ની ઈ-વોટીંગ સેવા, એજીએમ માં કરાનાર તમામ બિઝનેસ કામકાજો માટે પૂરી પાડવામાં આવેલ છે. રીમોટ ઈ-વોટીંગ સીસ્ટમ દ્વારા મતદાનની પદ્ધતિ એજીએમ ની નોટીસમાં સમજાવવામાં આવેલ છે. એજીએમ ની નોટીસ સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે.

સભાસદો જેમનું નામ રજીસ્ટર ઓફ મેમ્બર્સ / બેનીફીશીયલ ઓનર્સ તરીકે તા. મંગળવાર, ૩૧ જુલાઈ, ૨૦૧૮ ("cut-off date") ના રોજ નોંધાયેલ છે ફક્ત તેઓ જ રીમોટ ઈ-વોટીંગ / એજીએમ માં મત આપવાને લાયક બનશે. કોઈપણ વ્યક્તિ જેણે એજીએમ નોટીસ અને વાર્ષિક અહેવાલ રવાના થઈ ગયા પછી કંપનીના શેર ખરીદેલ હોય અને કંપનીના સભ્ય બનેલ હોય અને cut-off date પર શેર ધરાવતા હોય, તેઓ helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલીને સીડીએસએલ પાસે થી તેમના Login ID અને Password મેળવીને ઈલેક્ટ્રોનીકલી મત આપવાનો અધિકાર ધરાવે છે. પરંતુ, જે વ્યકિત ઈ-વોટીંગ માટે પહેલા થી જ સીડીએસએલ સાથે નોંધાયેલ છે તેઓ પોતાનો વર્તમાન Login ID અને Password નો ઉપયોગ કરી મતદાન કરી શકે છે.

રીમોટ ઈ-વોટીંગ ગાળાની શરૂઆત શુક્રવાર, તા. ૩ ઓગસ્ટ, ૨૦૧૮ (સવારે ૯ કલાકે, ભારતીય સમય મુજબ) થી થશે અને અંત સોમવાર, તા. ૬ ઓગસ્ટ, ૨૦૧૮ (સાંજે ૫ કલાકે, ભારતીય સમય મુજબ) ના રોજ થશે. આ સમયગાળા દરમ્યાન સભ્યો પોતાનું મતદાન ઈલેક્ટ્રોનિકલી કરી શકશે. ત્યારબાદ રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ સીડીએસએલ દ્વારા બંધ કરી દેવામાં આવશે.

મતપત્રક દ્વારા મતદાન કરવાની સુવિધા પણ એજીએમ માં ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે સભ્યોએ રીમોટ ઈ-વોટીંગ થી પોતાના મત આપેલ નથી તેઓ પોતાના મતાધિકારનો એજીએમમાં ઉપયોગ કરી શકે છે. જે સભ્યોએ રીમોટ ઈ-વોટીંગ મતદાન કરેલ છે, તેઓ એજીએમ માં હાજરી આપી શકે છે પરંતુ ફરીથી મતદાન કરી શકશે નહીં.

સભ્યો, રીમોટ ઈ-વોટીંગ સંદર્ભે કોઈપણ મુંઝવણ અથવા તકલીફ માટે ''ફ્રીક્વન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ'' (''FAQs'') અને www.evotingindia.com પર રહેલ ઈ-વોટીંગ મેન્યુલ રીફર કરી શકે છે અથવા શ્રી રાકેશ દલવી, મેનેજર, સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ, ૨૫ મો માળ, એ વીંગ, મેરેથોન ફ્યુચ્યુરેક્ષ, મફતલાલ મીલ કંપાઉન્ડ, એનએમ જોશી માર્ગ, લોવર પરેલ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૧૩, ઈમેલ : helpdesk.evoting@cdslindia.com, ફોન : 1800 200 5533 નો સંપર્ક કરી શકશે.

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ ની જોગવાઈઓ અને તે હેઠળના નિયમો અને લિસ્ટીંગ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૪૨ ને આધિન રહી, કંપનીના સભ્યોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ બુધવાર, તા. ૧ ઓગસ્ટ, ૨૦૧૮ થી મંગળવાર, તા. ૭ ઓગસ્ટ, ૨૦૧૮ (બન્ને દિવસો સહિત) એજીએમ ના હેતુથી અને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ડિવિડન્ડ મેળવવા માટે લાયક સભાસદો નક્કી કરવા માટે બંધ રહેશે.

એજીએમ સંદર્ભેની વધારાની માહિતી, કંપનીના શેર જે સ્ટોક એક્સચેન્જીસ પર લિસ્ટ થયેલ છે એટલે કે બીએસઈ લિમિટેડ ની વેબસાઈટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ની વેબસાઈટ www.nseindia.com પર ઉપલબ્ધ છે.

વતી, કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિ.
સહી/-
રાહુલ સી. શાહ
કંપની સેક્રેટરી

સ્થળ : ગાંધીનગર
તારીખ : જુલાઈ ૧૪, ૨૦૧૮


# પ્રાર્થના સભા



**સ્વ. મંજુલાબેન પુંજારામ જોષી**
જન્મ તા. ૨૧/૧૨/૧૯૨૩ ● સ્વ. તા. ૦૪/૦૭/૨૦૧૮

અમારા પરમ પૂજ્ય માતુશ્રી મંજુલાબેન પુંજારામ જોષીનું
તા. ૪/૭/૨૦૧૮, બુધવારે દુ:ખદ અવસાન થયેલ છે.
સદ્દગતને શ્રદ્ધાંજલિ આપવા તા. ૧૬/૭/૨૦૧૮ને સોમવારે
સવારે ૧૦ થી ૧૨ દરમિયાન પ્રાર્થના સભા રાખેલ છે.

: સ્થળ :
ડો. પ્રકાશ જોષીનું નિવાસસ્થાન
પ્લોટ નં. ૨૧૭, સેક્ટર-૨૦, ગાંધીનગર

ભાનુપ્રસાદ પંડ્યા — શર્મિષ્ઠાબેન પંડ્યા
નિશિતકુમાર જદુરાય વ્યાસ — ઈશાની એન. વ્યાસ

પ્રીતેશ - નિકિતા, વિરલ - હેમા
આશિષ - ફાલ્ગુની, મિતુલ - હેતલ
સૌરભ - હેતલ, અમીત - હેમા

ઈશીતા - કેયૂર, મિલિન્દા - રાજવીર, રચિતા - મૌલિક
ડો. ધગશ - ઓલિવીઆ, ઉજાસ
અમી - બિપીન, મિનલ - અનિરૂદ્ધ, લીના, પ્રેરક

હિમાની - નયન, જય
તૃષિલ, સૌમ્ય

| | |
|---|---|
| સ્વ. સોમાભાઈ પી. જોષી | - |
| સ્વ. વિનોદભાઈ પી. જોષી | ગં.સ્વ. પ્રજ્ઞાબેન વી. જોષી |
| વિજયભાઈ પી. જોષી | દક્ષાબેન વી. જોષી |
| બિપીનભાઈ પી. જોષી | નૌકાબેન બી. જોષી |
| ડો. પ્રકાશભાઈ પી. જોષી | ઈલાબેન પી. જોષી |
| સ્વ. રાજેશ પી. જોષી | સ્વ. ચારૂલત્તા આર. જોષી |
| શૈલેષ પી. જોષી | શ્રુતિ એસ. જોષી |
| રાકેશ પી. જોષી | ભારતી આર. જોષી |

અરૂણાબેન વી. દિક્ષિત — વિભાકર દિક્ષિત
દક્ષાબેન એન. શુક્લ — નરેન્દ્રકુમાર શુક્લ

સ્વ. મહાલક્ષ્મીબેન પંડ્યા | સ્વ. કાશીબેન પંડ્યા | સ્વ. શારદાબેન દવે

**તથા સ્વ. પુંજારામ જોષી પરિવાર**


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com